Tuesday
07.07.2026
*Volume :11 * Issue No.03
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-


## કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ અને કોલસા તેમજ ખાણ મંત્રી શ્રી જી. કિશન રેડ્ડીએ ગેરકાયદેસર કોલસા ખનન અને કોલસાની ચોરીની સ્થિતિની સમીક્ષા કરી



કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ અને કોલસા તેમજ ખાણ મંત્રી શ્રી જી. કિશન રેડ્ડીએ નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં ગેરકાયદેસર કોલસા ખનન અને કોલસાની ચોરીની સ્થિતિની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ, કેન્દ્રીય કોલસા સચિવ, કોલસા મંત્રાલય, સીઆઈએસએફ (CISF), કોલ ઈન્ડિયા લિમિટેડ અને બીસીસીએલ (BCCL) ના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ગૃહ મંત્રીએ ધનબાદ અને નજીકના વિસ્તારોમાં ગેરકાયદેસર કોલસા ખનન અને ચોરીની વણસતી સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કોલસા મંત્રાલયના અધિકારીઓએ ગૃહ મંત્રીને માહિતગાર કર્યા હતા કે ઓક્ટોબર ૨૦૨૫ ના પ્રથમ સપ્તાહમાં યોજાયેલી સમીક્ષા પછીથી કેટલાક નક્કર પગલાં લેવામાં આવ્યા છે. એ પણ જણાવવામાં આવ્યું હતું કે સીઆઈએસએફ (CISF) અને કોલ ઈન્ડિયા લિમિટેડના અધિકારીઓને ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ (MMDR Act) હેઠળ પગલાં લેવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. આ સત્તાવાર મંજૂરી તેમને કાયદાકીય રીતે કોર્ટમાં કેસ દાખલ કરવા, જ્યાં ગેરકાયદેસર કોલસો સંગ્રહિત હોવાની શંકા હોય તેવા પરિસરમાં પ્રવેશવા, સર્ચ અને સીઝર (તલાશી અને જપ્તી) ની કામગીરી હાથ ધરવા અને ગેરકાયદેસર રીતે કાઢવામાં આવેલા ખનિજોની સાથે આવી અનધિકૃત પ્રવૃત્તિઓમાં ઉપયોગમાં લેવાતા સાધનો, ઈક્વિપમેન્ટ્સ અને વાહનોને જપ્ત કરવા માટે સક્ષમ બનાવે છે. એ પણ માહિતી આપવામાં આવી હતી કે કેન્દ્રીય ગૃહ સચિવે ડિસેમ્બર ૨૦૨૫ માં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી જેમાં કોલસા ક્ષેત્ર સમન્વય સમિતિ ની રચના કરવાના નિર્દેશ સહિત કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જે સમિતિની રચના ત્યારથી કરી દેવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કોલસા મંત્રાલય અને સીઆઈએસએફ (CISF) દ્વારા અત્યાર સુધી લેવાયેલા પગલાંની પ્રશંસા કરી હતી. જોકે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગેરકાયદેસર ખનનના દૂષણને રોકવા માટે હજુ ઘણું બધું કરવાની જરૂર છે. ગૃહ મંત્રીએ ગેરકાયદેસર ખનન અને કોલસાના અનધિકૃત પરિવહનને રોકવા માટે વ્યાપક અને સમયબદ્ધ પ્રતિભાવ સુનિશ્ચિત કરવા "ઝીરો કોલ લીકેજ પ્લાન" અપનાવવા સહિત કેટલાક મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા હતા. તેમણે નોંધ્યું હતું કે જોકે એમએમડીઆર (MMDR) એક્ટ હેઠળ સીઆઈએસએફ (CISF) અને કોલ ઈન્ડિયા લિમિટેડના અધિકારીઓને સત્તા સોંપવામાં આવી છે, પરંતુ આ સત્તાઓનો ઉપયોગ મંજૂર સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) ને અનુરૂપ, સખત રીતે અને સમન્વિત રીતે થવો જોઈએ. શ્રી અમિત શાહે કોલસા મંત્રાલયને નિયમિત ધોરણે લેવાયેલા પગલાંની સમીક્ષા કરવા પણ સૂચના આપી હતી. ગ્રાહકો માત્ર કાયદેસર રીતે ખનન કરાયેલા કોલસાનો જ ઉપયોગ કરે તે સુનિશ્ચિત કરવા અને ગેરકાયદેસર કોલસાના પરિવહનને રોકવા માટે જીએસટી (GST) સત્તાવાળાઓને સામેલ કરવા જરૂરી ગણવામાં આવ્યા હતા. તેથી, પરિવહન કરવામાં આવતા તમામ કોલસા માટે ઈ-વે બિલ (e-way bills) ની ચકાસણી કરવા માટે એક વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. કેન્દ્રીય ગૃહ મંત્રીએ ગૃહ મંત્રાલયના અધિકારીઓને સીઆઈએસએફ (CISF) તૈનાતી માટે કોલસા ક્ષેત્રને પ્રાથમિકતા યાદીમાં સામેલ કરવાનો નિર્દેશ આપ્યો હતો, જેથી સંવેદનશીલ વિસ્તારોમાં જવાનોને તાત્કાલિક તૈનાત કરી શકાય. તેમણે સીઆઈએસએફ (CISF) ને ક્વિક રિસ્પોન્સ ટીમની રચના કરવા અને સંવેદનશીલ વિસ્તારોમાં બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સ્થાપિત કરવાનો વધુ નિર્દેશ આપ્યો હતો, જેથી જ્યારે પણ માહિતી મળે ત્યારે ગેરકાયદેસર ખનન કરનારાઓ સામે તાત્કાલિક પગલાં લઈ શકાય. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ ટેક્નોલોજીનો વધુ અસરકારક રીતે ઉપયોગ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે નિર્દેશ આપ્યો કે ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ ખાતે સ્થાપિત હાઈ-રિઝોલ્યુશન કેમેરાનો ઉપયોગ ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓમાં સામેલ વિસ્તારો અને વ્યક્તિઓની ઓળખ કરવા માટે થવો જોઈએ. ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે સરકાર જાહેર સંસાધનોનું રક્ષણ કરવા, કાયદો અને વ્યવસ્થા જાળવવા અને કાયદેસરના કોલસા ખનન કાર્યોના હિતોની રક્ષા કરવા માટે તમામ જરૂરી પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે.

## ગુજરાતનાં સાપોનું ઝેર હવે બનશે 'સંજીવની': 'એન્ટી-સ્નેક વેનમ' બનાવવા માટે કંપનીને સોંપાયું ઝેર

કમલમ્,

રાજ્યની ધરમપુર સ્થિત સર્પ સંશોધન કેન્દ્રએ ગુજરાતમાં જોવા મળતી સાપની ચાર મુખ્ય ઝેરી પ્રજાતિઓનું લાયોફિલાઈઝ્ડ (ફ્રીઝ-ડ્રાઈડ એટલે કે પાવડર સ્વરૂપનું) ઝેર તેલંગાણા સ્થિત એક લાઈસન્સપ્રાપ્ત એન્ટી-સ્નેક વેનમ ઉત્પાદક કંપનીને સોંપ્યું છે. ગુજરાતને જ્યારે આ એન્ટી સ્નેક વેનમ ઉપલબ્ધ થશે ત્યારે સર્પદંશથી થતા માનવ મૃત્યુને ઘટાડી શકાશે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં સર્પદંશથી થતા મૃત્યુમાં ૫૦ ટકાનો ઘટાડો કરવાના ભારતના રાષ્ટ્રીય લક્ષ્યાંકમાં મોટું યોગદાન મળશે. ગુજરાતનાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે,"રાજ્યમાં સર્પદંશને કારણે થતા મૃત્યુ ઘટાડવા માટે રાજ્ય પોતાનું પ્રદેશ-વિશિષ્ટ (Region-specific anti-venom) એન્ટી-સ્નેક વેનમ વિકસાવી રહ્યું છે. ધરમપુર સ્થિત સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SRI) સાપની જાળવણી અને સાપોમાંથી ઝેર કાઢવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થાની (WHO) માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરે છે, જેથી એન્ટી-સ્નેક વેનમ બનાવવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળું ઝેર મળી રહે." ગયા અઠવાડિયે, ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન (GFRF) હેઠળ કાર્યરત સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે એન્ટી-સ્નેક વેનમ બનાવતી તેલંગાણા સ્થિત કંપની મેસર્સ વિન્સ બાયોપ્રોડક્ટ્સ લિમિટેડ (M/s Vins Bioproducts Limited) ને આ ઝેર સોંપ્યુ હતુ. આ કંપની સર્પદંશ અને વીંછી કરડ્યા હોય તેમની સારવાર કરડવા માટેની જીવનરક્ષક રસી તેમજ ધનુર ડિપ્થેરિયા અને ગેંગરીન વિરોધી રસી બનાવવાનું કામ કરે છે. ગુજરાત વન વિભાગ દ્વારા આ કંપનીને સોંપવામાં આવેલા ઝેરનાં જથ્થામાં ૩૩.૩૭ ગ્રામ ભારતીય નાગ (Indian Cobra), ૨.૬૭ ગ્રામ કાળોતરો (Common Krait), 30.82 ગ્રામ ખડચિતળો (Russell's Viper) અને ૧.૭૧ ગ્રામ ફુરસા (Saw-scaled Viper)નો સમાવેશ થાય છે. હવે આ કંપની ગુજરાતના પ્રદેશ-વિશિષ્ટ એન્ટી-સ્નેક વેનમ બનાવવાની પ્રક્રિયા શરૂ કરશે. આ રસીનો પ્રથમ જથ્થો ટૂંક સમયમાં ગુજરાતને મળશે તેવી સંભાવના છે. મહત્વની વાત એ છે કે, થોડા દિવસો અગાઉ, સર્પ સંશોધન કેન્દ્રને તેના સાપના ઝેરની પ્રથમ ઈ-હરાજી દરમિયાન અપેક્ષા કરતાં વધુ કિંમત મળી હતી. સાપનાં ઝેર માટે ઉંચી કિંમત મળવા પાછળ આ કેન્દ્ર દ્વારા જે કાર્યપદ્ધતિ અપનાવવામાં આવી છે તે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત ધોરણોને અનુસરે છે તેની સાબિતી આપે છે. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, પ્રદેશ-વિશિષ્ટ એન્ટી-સ્નેક વેનમ વિકસાવવું તે જાહેર આરોગ્ય માટે અત્યંત મહત્વું છે, કારણ કે ભારતમાં માનવ-વન્યજીવ સંઘર્ષથી થતા મૃત્યુમાં સર્પદંશનો આંકડો સૌથી મોટો છે. સૌથી અગત્યની બાબત એ છે કે, જો સમયસર અસરકારક એન્ટી-સ્નેક વેનમ મળી રહે તો આમાંના મોટાભાગના મૃત્યુ નિવારી શકાય તેમ છે. ગાંધીનગર સ્થિત ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશનના ડાયરેક્ટર એસ. કે. શ્રીવાસ્તવે જણાવ્યું કે,"વર્ષ ૨૦૨૨માં દેશભરમાં વન્યજીવોના હુમલામાં ૫૫૦ લોકોના મોત થયા હતા, જ્યારે આ જ સમયગાળા દરમિયાન સર્પદંશથી અંદાજે ૬૫,૦૦૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ મોટો તફાવત જ પ્રદેશ-વિશિષ્ટ એન્ટી-સ્નેક વેનમની તાતી જરૂરિયાત દર્શાવે છે. આ રસી ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં જોવા મળતા સાપોના ઝેરમાંથી જ બનાવવામાં આવતી હોવાથી, તે વધુ અસરકારક સાબિત થશે, તેનાથી સારવાર દરમિયાન ઓછો ડોઝ આપવો પડશે અને સર્પદંશથી માણસોમાં થતા ઓર્ગન ફેઈલ્યોર જેવી ગંભીર સમસ્યાનું જોખમ ઘટાડી શકાશે અને દર્દીઓ ઝડપથી સાજા થશે."

**ગુજરાતનાં પોતાના ઝેરી સાપમાંથી બનેલા એન્ટી સ્નેક વેનમનું મહત્વ**

નિષ્ણાતોના મતે, સાપનું ઝેર ભૌગોલિક વિસ્તાર પ્રમાણે બદલાય છે— ભલે સાપ એક જ પ્રજાતિનો કેમ ન હોય. દેશના અન્ય ભાગોમાંથી પકડાયેલા સાપોના ઝેરમાંથી બનાવેલી એન્ટી-સ્નેક વેનમ રસી, ગુજરાતના સ્થાનિક સાપોના કરડવા સામે હંમેશા પૂરેપૂરી અસરકારક સાબિત થતી નથી. આ વૈજ્ઞાનિક પડકારને પારખીને, ગુજરાત સરકારે વલસાડ જિલ્લાના ધરમપુરમાં સર્પ સંશોધન કેન્દ્રની સ્થાપના કરી છે. સમગ્ર ગુજરાતમાંથી ઝેરી સાપો અહીં લાવી તેમાંથી ઝેર એકત્ર કરવામાં આવે છે. આ ઝેરને પછીથી એન્ટી-સ્નેક વેનમ બનાવતી કંપનીએ હરાજી દ્વારા આપવામાં આવે છે. સર્પ સંશોધન કેન્દ્રનાં વાઈસ-ચેરમેન અને સર્પદંશની સારવારમાં ખ્યાતિપ્રાપ્ત ડૉ. ડી. સી. પટેલે જણાવ્યું હતું કે, સર્પદંશની સારવારમાં મુખ્ય પડકારોમાંનો એક એ છે કે દરેક વિસ્તારનાં સાપનું ઝેર જુદુ જુદુ હોય છે. દૂરના વિસ્તારોના ઝેરમાંથી તૈયાર કરાયેલ એન્ટી-સ્નેક વેનમ ઘણીવાર સર્પદંશની સારવારમાં ઓછું અસરકારક સાબિત થાય છે. આ સંસ્થા સમગ્ર ગુજરાતમાં જોવા મળતી ઝેરી સાપની પ્રજાતિઓમાંથી ઝેર એકત્ર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેથી પ્રદેશ-વિશિષ્ટ એન્ટી સ્નેક વેનમ વિકસાવી શકાય. ડૉ. ડી.સી પટેલે સર્જન છે અને તેમણે સર્પદંશની સારવાર થકી લાખો લોકોનાં જીવ બચાવ્યા છે.

**અત્યાધુનિક સ્નેક વેનમ રિસર્ચ સેન્ટર**

સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં ગુજરાતમાં જોવા મળતી મહત્વની એવી મુખ્ય પ્રજાતિઓના આશરે ૪૭૧ ઝેરી સાપો રાખવામાં આવ્યા છે. આ સાપોમાંથી ઝેર મેળવવાની પ્રક્રિયા વિશ્વ આરોગ્ય સંસ્થાની માર્ગદર્શિકા મુજબ થાય છે. ત્યારબાદ તેનું વૈજ્ઞાનિક રીતે પ્રોસેસિંગ કરીને તેને લાયોફિલાઈઝ્ડ (સુકા પાવડર) સ્વરૂપમાં ફેરવવામાં આવે છે અને પછી લાયસન્સ ધરાવતા ઉત્પાદકોને હરાજી થકી સપ્લાય કરવામાં આવે છે. આ સંસ્થા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા 'ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન' (GFRF) હેઠળ કામ કરે છે. જીએફઆરએફ (GFRF) નાં ડાયરેક્ટર એસ. કે. શ્રીવાસ્તવે જણાવ્યું કે,"સર્પ સંશોધન કેન્દ્ર તેની વૈજ્ઞાનિક માળખાગત સુવિધાઓ, સર્પગૃહ (Serpentarium) અને ઝેર પ્રોસેસિંગની સુવિધાઓ સાથે, આ સંસ્થા સર્પદંશ વ્યવસ્થાપન, ઝેર પર સંશોધન અને જનજાગૃતિ માટે ભારતની અગ્રણી સંસ્થાઓમાંની એક તરીકે ઉભરી આવી છે. તમિલનાડુમાં 'ઈરુલા સ્નેક કેચર્સ ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટી' પછી એન્ટી-વેનમ ઉત્પાદન માટે ઝેર મેળવતી આ દેશની બીજી સંસ્થા છે." તેમણે વધુમાં જણાવ્યું કે, "આ સંસ્થાના વિસ્તરણ માટે ગુજરાત સરકારે વલસાડ જિલ્લામાં વર્લ્ડ ક્લાસ કાયમી કેમ્પસ સ્થાપવા માટે ૨.૨૫ હેક્ટર જમીન ફાળવી છે. આ સાથે અદ્યતન સંશોધન અને તાલીમ માળખું વિકસાવવા માટે ?૧૧.૬૮ કરોડની દરખાસ્ત પણ સબમિટ કરવામાં આવી છે."

**ભારતના રાષ્ટ્રીય સર્પદંશ મિશનને ટેકો**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૨૪માં ભારત સરકાર દ્વારા 'નેશનલ એક્શન પ્લાન ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ સ્નેકબાઈટ એન્વેનોમિંગ' (NAP-SE) લોન્ચ કરવામાં આવ્યો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની વૈશ્વિક વ્યૂહરચનાને અનુરૂપ, વર્ષ ૨૦૩૦ સુધીમાં સર્પદંશથી થતા મૃત્યુ અને અપંગતામાં ૫૦ ટકાનો ઘટાડો કરવાના ઉદ્દેશ્ય સાથે આવો વ્યાપક રાષ્ટ્રીય એક્શન પ્લાન અપનાવનારો ભારત વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. ગુજરાત દ્વારા વિકસાવવામાં આવી રહેલુ પ્રદેશ-વિશિષ્ટ એન્ટી સ્નેક વેનમ, રાષ્ટ્રીય લક્ષ્યાંકને હાંસલ કરવામાં મહત્વનું યોગદાન આપશે.

## "ભારતમાં દર ૪ વ્યક્તિમાંથી ૧ વ્યક્તિ વધારે વજન (ઓવરવેઈટ) ધરાવે છે. તમામ નાગરિકો માટે ફિટનેસ આવશ્યક છે": ડૉ. મનસુખ માંડવિયા

**કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ શ્રી સત્ય સાઈના ૧૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે 'ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ'ની દેશવ્યાપી ૮૦મી આવૃત્તિનું નેતૃત્વ કર્યું**



કમલમ્,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતેથી 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ'ની દેશવ્યાપી ૮૦મી આવૃત્તિનું નેતૃત્વ કર્યું હતું. આ આવૃત્તિનું આયોજન શ્રી સત્ય સાઈ સેવા સંસ્થાઓ (Sri Sathya Sai Seva Organisations) ના સહયોગથી આધ્યાત્મિક નેતા શ્રી સત્ય સાઈના ૧૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય રાજધાનીમાં ઝુમ્બા અને યોગ સત્રો ઉપરાંત કોમ્યુનિટી રન અને રાઈડમાં ૯,૦૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો. દેશમાં અન્ય સ્થળોએ, આ સાયકલિંગ ડ્રાઈવનું આયોજન આર્ટ ઓફ લિવિંગ, હાર્ટફુલનેસ અને ઈશા ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવ્યું હતું. બાળકોને જોડવા માટે લાઈફ-સાઈઝ ચેસ (મોટા કદની શતરંજ) અને લુડો તેમજ કેરમ, ટેબલ ટેનિસ, ફુત્સલ અને બેડમિન્ટન ધરાવતો એક સમર્પિત ગેમ ઝોન પણ સ્થાપિત કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારતના માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને બળ આપતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, "કોઈપણ દેશને વિકસિત રાષ્ટ્ર તરીકે ગણવા માટે તેના નાગરિકોનું સ્વાસ્થ્ય આવશ્યક છે, હું તમામ ભારતીયોને વિનંતી કરીશ કે તેઓ તેમની મોબાઈલ સ્ક્રીનથી ઓછામાં ઓછો એક કલાક અલગ રાખે અને રમતગમતની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહીને તે સમય તેમના વ્યક્તિગત સ્વાસ્થ્ય માટે સમર્પિત કરે." જનમેદનીને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "ભારતમાં દર ૪ વ્યક્તિમાંથી ૧ વ્યક્તિ વધારે વજન ધરાવે છે જે તમામ નાગરિકો માટે ફિટનેસને આવશ્યક બનાવે છે." આ કોમ્યુનિટી ફિટનેસ રાઈડની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર અને ડૉ. માંડવિયાની સાથે શ્રી સત્ય સાઈ સેવા સંસ્થાના અખિલ ભારતીય પ્રમુખ નિમિષ ગુલાબરાઈ પંડ્યા, સચિવ (રમતગમત) શ્રી હરિ રંજનરાવ, સચિવ (કોર્પોરેટ અફેર્સ) દીપ્તિ મુખર્જી અને અન્ય મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય સાથે થઈ હતી. આ પછી કોમ્યુનિટી ફિટનેસ રાઈડ શરૂ થાય તે પહેલા નશા મુક્ત ભારતની જાહેર પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ પ્રસંગે બોલતા પંડ્યાએ જણાવ્યું હતું કે, "ફિટ ઈન્ડિયાનો હેતુ દરેક ભારતીય નાગરિકને ફિટ અને સ્વસ્થ બનાવવાનો છે જ્યારે શ્રી સત્ય સાઈ સેવા સંસ્થાનો હેતુ 'સૌને પ્રેમ કરો, સૌની સેવા કરો' (love all, serve all) નો છે. આ બંને સંસ્થાઓનું એકસાથે આવવું એ એક ઉત્તમ સંયોજન છે.

" જાણીતા અભિનેતા નસીર અબ્દુલ્લાએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને આ પહેલની પ્રશંસા કરી હતી. ડૉ. માંડવિયા દ્વારા ડિસેમ્બર ૨૦૨૪ માં શરૂ કરાયેલ 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' હવે એક જન આંદોલન બની ગયું છે જે તમામ વય જૂથના નાગરિકોને "ફિટનેસ કી ડોઝ, આધા ઘંટા રોઝ" (ફિટ રહેવા માટે દરરોજ ૩૦ મિનિટ સમર્પિત કરો) માટે પ્રોત્સાહિત કરે છે. અત્યાર સુધીમાં દેશભરમાં હજારો સ્થળોએ આ કાર્યક્રમમાં ૩૦ લાખથી વધુ લોકો ભાગ લઈ ચૂક્યા છે. આ કાર્યક્રમનું આયોજન યુવા બાબતો અને રમતગમત મંત્રાલય (MYAS) દ્વારા સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI), યોગાસન ભારત, રાહગીરી ફાઉન્ડેશન અને માય ભારત (MY Bharat) ના સહયોગથી કરવામાં આવે છે. સાયકલિંગ ડ્રાઈવ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એક સાથે ચલાવવામાં આવે છે, જેમાં સાઈ (SAI) પ્રાદેશિક કેન્દ્રો, નેશનલ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ (NCOEs), સાઈ ટ્રેનિંગ સેન્ટર્સ (STCs), ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ (KISCEs) અને ખેલો ઈન્ડિયા સેન્ટર્સ (KICs) નો સમાવેશ થાય છે.

## UIDAIએ નવસારીમાં નવું આધાર સેવા કેન્દ્ર શરૂ કરીને નાગરિક-કેન્દ્રિત સેવાઓનો વિસ્તાર કર્યો









કમલમ્,

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI), પ્રાદેશિક કચેરી મુંબઈ દ્વારા આજે નવસારી, ગુજરાતમાં નવા આધાર સેવા કેન્દ્ર (ASK) નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જે વિશ્વસનીય ડિજિટલ ઓળખ સેવાઓ પ્રદાન કરવાના તેના મિશનને મજબૂત કરે છે અને ડિજિટલ ઈન્ડિયાના વિઝનને વેગ આપે છે.

અનુકૂળ સુવિધા: પ્રભા કુંજ હાઈ ટ્સ, દાબુ હોસ્પિટલ પાસે, સાંઢકુવા, નવસારી - ૩૯૬૪૪૫ ખાતે આવેલું આ આધાર સેવા કેન્દ્ર (ASK) અઠવાડિયાના ૭ દિવસ કાર્યરત રહેશે, જે નવી નોંધણી (એનરોલમેન્ટ), ૫ થી ૧૭ વર્ષની વયના બાળકો માટે મફત બાયોમેટ્રિક અપડેટ, ડેમોગ્રાફિક સુધારા અને સ્થળ પર જ ફરિયાદ નિવારણની સુવિધા આપશે.

સર્વસમાવેશી ઈન્ફ્રાસ્ટ્રક્ચર: કેન્દ્ર આધુનિક સુવિધાઓ, વ્હીલચેરની સુવિધા, સુલભ શૌચાલય અને સીમલેસ સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે એક સમર્પિત એએસકે (ASK) મેનેજરથી સજ્જ છે.

ડિજિટલ ટૂલ્સ: રહેવાસીઓ UIDAI એપોઈન્ટમેન્ટ પોર્ટલ (https://bokoappointment.uidai.gov.in) પર અગાઉથી એપોઈન્ટમેન્ટ બુક કરી શકે છે, જ્યારે જીઓ-ટેગ કરેલા એએસકે (ASK) ના લોકેશન ભુવન આધાર પોર્ટલ (https://bhuvan-app3.nrsc.gov.in/aadhaar) પર ઉપલબ્ધ છે.

ભવિષ્ય માટે તૈયાર સેવાઓ: આગામી પેઢીની ડિજિટલ ઓળખને સુરક્ષિત કરવા માટે શાળાઓમાં વિશેષ બાયોમેટ્રિક અપડેટ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ ઉદ્ઘાટન પ્રસંગે માનનીય કેન્દ્રીય કેબિનેટ જળશક્તિ મંત્રી (ભારત સરકાર) શ્રી સી.આર. પાટીલ, માનનીય ધારાસભ્ય (નવસારી) શ્રી રાકેશ દેસાઈ, ભાજપ નવસારીના પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ, માનનીય મેયર શ્રી અશોકભાઈ ધોરાજીયા, જિલ્લા ક્લેક્ટર નવસારી શ્રી મનીષ ગુરવાની (IAS), એસપી નવસારી શ્રી રાહુલ પટેલ (IPS) ની સાથે UIDAI પ્રાદેશિક કચેરી મુંબઈના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (DDG) કેપ્ટન લવકેશ ઠાકુર, ડાયરેક્ટર શ્રી રાજેશ કુમાર ગુપ્તા (ITS), ડેપ્યુટી ડાયરેક્ટર શ્રીમતી સંજુ બાલા, UIDAI રાજ્ય કચેરી ગુજરાત અને ગુજરાત સરકારના વરિષ્ઠ વહીવટી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બોલતા માનનીય કેન્દ્રીય કેબિનેટ જળશક્તિ મંત્રી (ભારત સરકાર) શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે: "નવસારીમાં આ આધુનિક એએસકે (ASK) આપણા રહેવાસીઓ માટે ઝડપી, વધુ અનુકૂળ અને પારદર્શક આધાર સેવાઓ સુનિશ્ચિત કરશે. ડિજિટલ ઈન્ડિયાના વિઝનને સાકાર કરવા અને આપણા રાષ્ટ્રીય પદચિહ્નને વિસ્તારવા તરફ આ વધુ એક સીમાચિહ્નરૂપ પગલું છે." તમામ આધાર સેવા કેન્દ્રો સમાન સેવાના ધોરણો, મજબૂત ડેટા સુરક્ષા અને ફરિયાદોના સમયસર નિવારણને સુનિશ્ચિત કરવા માટે તેમના ભાગીદાર દ્વારા સીધા UIDAI દ્વારા સંચાલિત કરવામાં આવે છે, જે દરેક રહેવાસીને વિશ્વસનીય ડિજિટલ ઓળખ પ્રદાન કરવાના તેના આદેશને પુનઃપુષ્ટ કરે છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ–ગાંધીનગર કોરીડોરના સર્વાંગી વિકાસમાં નવી ગતિ

**રૂ.૧૭૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૧.૪૮ કિ.મી. લંબાઈના નવ નિર્મિત કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજથીભાટ સર્કલ પરના અવાર-નવારના ટ્રાફિક જામમાંથી લોકોને રાહત મળશે**






## કોબા સર્કલ નજીક નર્મદા મુખ્ય કેનાલ પર ૬ લેન બ્રિજની બન્ને તરફ નવા ત્રણ-ત્રણ લેનના બ્રિજના નિર્માણ માટે રૂ. ૪૮ કરોડનો પ્રોજેક્ટ

કમલમ્,

પાટનગર ગાંધીનગરને અમદાવાદ એરપોર્ટ સાથે જોડતા માર્ગ પર ભાટ ચાર રસ્તા પરનો નવિન કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રવિવાર તા.૦૫/૦૭/૨૦૨૬થી વાહન વ્યવહાર માટે ખૂલ્લો મૂક્યો છે.

રાજ્ય સરકારના માર્ગઅને મકાન વિભાગ તથા મદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ઔડા દ્વારા પચાસ-પચાસ ટકાની ભાગીદારીથી આ નવિન ફ્લાય ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. રૂ.૧૭૫ કરોડના અંદાજીત ખર્ચે નિર્માણ થયેલો ૧.૪૮ કિલોમીટર ની લંબાઈ ધરાવતો આ કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ રાજ્યના શહેરી વિસ્તારનો સૌ પ્રથમ કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ છે.

મુખ્યમંત્રીશ્રીએ આ બ્રિજના લોકાપણ સાથે ગાંધીનગર-અમદાવાદ કોરિડોર પર કોબા સર્કલથી ભાટે સર્કલ વચ્ચે નર્મદા મુખ્ય કેનાલના હાલના ૬ લેન બ્રિજનું ટ્વેલ્વ લેનમાં રૂપાંતર કરવાની કામગીરીનું પણ ખાતમૂર્હત કર્યુ હતું.

ટ્રાફિક જામના કારણે બોટલનેકની સર્જાતી સ્થિતિના નિવારણ માટે કોબા સર્કલથી ભાટ સર્કલ વચ્ચેના હાલના બ્રિજની બંન્ને બાજુ ત્રણ-ત્રણ લેનના નવા બ્રિજના નિર્માણ માટે રૂ. ૪૮ કરોડનો પ્રોજેક્ટ રાજ્ય સરકારે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આના પરિણામે સમગ્ર કોરિડોરમાં સતત છ લેનની ક્ષમતા જળવાઈ રહેશે અને ભવિષ્યના વધતા વાહન વ્યવહારને પણ સરળતાથી સંભાળી શકાશે. ગાંધીનર-કોબા-એરપોર્ટ રોડ અને એસ.પી. રિંગરોડ પર મળીને દરરોજ અંદાજે કુલ આશરે ૧.૯૩ લાખથી વધુ વાહનોની અવર-જવર રહે છે.

ગાંધીનગર-એરપોર્ટરોડ પર આવેલું ભાટ સર્કલ મુખ્ય જંકશન હોવાના કારણેત્યાં વારંવાર ટ્રાફિક જામની સમસ્યા ઉભી થાય છેઅને વાહનચાલકોના સમય, ઈંધણઅને નાણાંનો વ્યય થાય છે.

હવે, આ નવા કેબલ સ્ટેડ બ્રિજ કાર્યરત થવાથી એસ.પી. રિંગ રોડનો ટ્રાફિક બ્રિજની નીચેથી તેમજ અમદાવાદ-ગાંધીનગર તરફનો ટ્રાફિક બ્રિજ ઉપરથી એમ બેઅલગ-અલગ સ્તરે સરળતાથી અવર-જવર કરી શકશે અને લોકોને ટ્રાફિક જામની સમસ્યામાંથી મૂક્તિ મળશે.

એટલું જ નહિ, એસ.પી. રિંગરોડ, બરોડા અને સુરત તરફ જતા વાહન ટ્રાફિકની સુગમતા માટે ત્રણ-ત્રણ એમ કુલ ૬ લેનઅલાયદા સર્વિસ રોડ પણ બનાવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ નવનિર્મિત કેબલ રોડ બ્રિજનું લોકાર્પણ કર્યુંતે અવસરે સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગરના ધારાસભ્યો શ્રીમતી રિટાબહેન પટેલ અને અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાં બહેન પટેલ, શહેર ભાજપા પ્રમુખ શ્રી આશિષ દવેઅને સંગઠન પદાધિકારીઓ તથા માર્ગમકાન સચિવ શ્રી પ્રભાત પટેલિયા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# કલોલ ખાતે ૪૯ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક ન્યાય અને એડવોકેટ સંકુલનું ભૂમિપૂજન સંપન્ન

**મજબૂત રસ્તાઓ વિકાસ લાવે છે, જ્યારે મજબૂત ન્યાયિક સંસ્થાઓ નાગરિકોમાં વિશ્વાસ લાવે છેઃ કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરીયા**






## ન્યાયિક પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા અને પડતર કેસોના ઝડપી નિકાલ માટે વૈકલ્પિક વિવાદ નિવારણ એટલે કે મિડિએશન પર વિશેષ ભાર મુકતા હાઇકોર્ટ ના ચીફ જસ્ટીસશ્રી

કમલમ્, ગાંધીનગર

કલોલ ખાતે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનીતા અગ્રવાલની અધ્યક્ષતામાં અને કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં રૂા. ૪૯ કરોડ કરતાં વધુની રકમના ખર્ચે નવનિર્મિત થનારા અત્યાધુનિક તાલુકા કોર્ટ અને વકીલ મંડળના સંકુલનો ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલે કલોલ ખાતે નવનિર્મિત અદ્યતન ન્યાયિક સંકુલના પ્રારંભ પ્રસંગે ગૌરવપૂર્વક સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ભવ્ય ઈમારતોની સાથે ગતિશીલ અને અસરકારક ન્યાયિક વ્યવસ્થા એ જ સાચો ન્યાય છે. હાઈકોર્ટે લીધેલા મહત્વપૂર્ણ નીતિવિષયક નિર્ણય અંતર્ગત હવેરાજ્યમાં જ્યાં પણ નવા કોર્ટ બિલ્ડિંગ બનશે, ત્યાં વકીલો માટે અલગ સુવિધાજનક 'એડવોકેટ બિલ્ડિંગ' અનિવાર્યપણે બનાવવામાં આવશે, જેથી કાયદાના રક્ષકોને બેસવા માટે યોગ્ય અને ગૌરવપૂર્ણ સ્થાન મળી રહે.

આ પ્રસંગે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉર્જાવાન કાયદા મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના સક્રિય સહયોગની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, હાઈકોર્ટ દ્વારા મોકલવામાં આવતી ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત દરખાસ્તોને સરકારે હંમેશા અગ્રતા આપી ત્વરિત મંજૂરી આપી છે, જેના કારણે આજે સમગ્ર ભારતમાં ગુજરાત જ્યુડિશિયરીનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર શ્રેષ્ઠ છે. મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ કલોલના ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રના ઐતિહાસિક મહત્વને રેખાંકિત કરતાં કહ્યું કે, કલોલ એ દેશના પ્રથમ યુરિયા પ્લાન્ટ અને ઉર્જાક્ષેત્રે ઓઈલ એક્સ્ટ્રેક્શન માટે જાણીતું સમૃદ્ધ અને મહેનતુ ક્ષેત્ર છે. આવા પ્રગતિશીલ તાલુકામાં કાયદો અને વ્યવસ્થા તેમજ ન્યાયિક પ્રક્રિયા એટલી જ સુદ્રઢ હોવી જરૂરી છે. ન્યાયપાલિકા દેશના આર્થિક વિકાસ અનેઔદ્યોગિક પ્રગતિમાંશાંતિપૂર્વક પોતાના ન્યાયિક ચુકાદાઓ દ્વારા મોટું યોગદાન આપે છે. સાથે જ તેમણે ઉમેર્યું કે, કલોલ ખાતે હાઈકોર્ટના મોડલ પ્લાન મુજબ ૪+૬ નું મુખ્ય ન્યાયિક સંકુલ અને વકીલો માટે પાર્કિંગ પ્લસ ૬ માળનું અલગ ભવ્ય બિલ્ડિંગ તૈયાર કરાયું છે. જેમાં મધ્યસ્થી સેન્ટર, ફાઈલિંગ સેન્ટર, પબ્લિક ફેસિલિટી, કોન્ફરન્સ હોલ, લાયબ્રેરી અને ચેમ્બર્સ જેવી પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. મધ્યસ્થતા કેન્દ્રને વધુ મજબૂત કરવા આહવાન કરતાં ન્યાયમૂર્તિશ્રીએ કલોલ બાર એસોસિએશનના આશરે ૪૫૦ જેટલા વકીલોને અપીલ કરતાં જણાવ્યું કે, ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (DLSA)ના સચિવ સાથે સંકલન સાધી વધુને વધુ વકીલોને હાઈકોર્ટ કક્ષાએ મધ્યસ્થતા માટેની વિશેષ તાલીમ આપવામાં આવે. દરેક તાલુકામાં એક એવું સક્ષમ અને ફૂલ-પ્રોજેક્ટ મેડિએશન સેન્ટર હોવું જોઈએ, જેથી સામાન્ય પક્ષકારોને કોર્ટના લાંબા ચક્કરમાંથી મુક્તિ મળે અને વૈકલ્પિક માધ્યમથી સુખદ સમાધાન થઈ શકે. આ સાથે તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ નૂતન ન્યાય મંદિર માત્ર ઈમારત બનીને નહીં રહે, પરંતુ જનતાનો ન્યાયપાલિકા અને કાયદાના શાસન પ્રત્યેનો વિશ્વાસ વધુ દ્રઢ કરતું એક જીવંત ઉદાહરણ બનશે. આ પ્રસંગે કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, આજે માત્ર નૂતન ભવનનું ભૂમિપૂજન નહીં પરંતુ લોકશાહીના મજબૂત સ્તંભ એવા ન્યાયતંત્ર પર કરોડો નાગરિકોના વિશ્વાસનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર નાગરિકોને શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ આપવા માટે કટિબદ્ધ છે. ત્યારે ન્યાયતંત્ર જેટલું મજબૂત હશે, દેશની લોકશાહી તેટલી જ કાયમી અને સુદ્રઢ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની કાયમી ભાવના રહી છે કે સામાન્યમાં સામાન્ય નાગરિકને પરવડે તેવો અને સુલભ ન્યાય સમયસર મળી રહેવો જોઈએ. જેમ મજબૂત રસ્તાઓ વિકાસ લાવે છે, તેમ મજબૂત ન્યાયિક સંસ્થાઓ સમાજમાં વિશ્વાસનું વાતાવરણ પૂરું પાડે છે.

આ આધુનિક ન્યાય સંકુલ ટેક્નોલોજીના માધ્યમથી ન્યાય વ્યવસ્થાને વધુ સરળ અને અસરકારક બનાવશે. આ પરિસરમાં વકીલ મિત્રો માટે પણ અલગ અત્યાધુનિક બિલ્ડિંગનું નિર્માણ કરાશે, જેથી કામગીરી વધુ સુગમ બનશે. સમગ્ર ગુજરાતમાં સામાન્ય નાગરિકો માટે ન્યાયની સુલભતા વધારવા માટે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનીતા અગ્રવાલના પ્રયાસોને બિરદાવતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, ન્યાયમૂર્તિ શ્રીનો અભિગમ હંમેશા અરજદારોની મુશ્કેલીઓ નિવારવાનો અને વિવાદોના ઝડપી નિકાલ માટે મધ્યસ્થીને વિશેષ મહત્વ આપવાનો રહ્યો છે. ગુજરાત વડી અદાલતના ન્યાયાધીશ અને ગાંધીનગર જિલ્લાના વહીવટી ન્યાયમૂર્તિ શ્રી નીરલ આર. મહેતાએ આ પ્રસંગે વકિલાતની શરુઆત સમયના અને કલોલ કોર્ટ તથા તાલુકા સાથેના સંસ્મરણો ભાવુકતા સાથે વાગોળતા જણાવ્યું હતુ કે, જ્યાંથી શરુઆત કરી તેજ કોર્ટ સ્થળના ભૂમિ પૂજનમાં ઉપસ્થિત રહેવુંએ અદભુત અને યાદગાર ક્ષણ છે. ગાંધીનગર જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી આશિષ મલ્હોત્રાએ આ પ્રસંગે શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આ સમારોહ માત્ર એક બાંધકામના પ્રોજેક્ટ કરતાં ઘણા વિશેષ છે. તે ન્યાયની સુલભતા વધારવા માટેની આપણી સામૂહિક પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. આ ઈમારત એક એવું 'ન્યાય મંદિર' બનશે, જ્યાં કાયદાનું શાસન જળવાઈ રહેશે, બંધારણીય મૂલ્યોનું રક્ષણ થશે અને સામાન્ય નાગરિકનો ન્યાયમા વિશ્વાસ વધુ મજબૂત થશે. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટ ન્યાયમૂર્તિ શ્રી આઈ. જે. વોરા, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી બિરેન વૈષ્ણવ, કલોલ બાર એસોસિએશનના પ્રમુખ શ્રી કૃણાલ કોઠારી, રજિસ્ટ્રાર શ્રી સંજય સુથાર, કાનૂની વિભાગના સચિવ શ્રી ઉપેન્દ્ર ભટ્ટ, કલોલ બાર એસોસિએશનના પદાધિકારીઓ અને અધિકારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

# હવે ભારતની દીકરીઓ માત્ર ચૂલો નહિ સળગાવે, ચીપ્સ પણ બનાવશેઃ વડાપ્રધાનશ્રીએ જેમનો ઉલ્લેખ કર્યો તે દીકરીઓની સાફલ્યગાથા


## ઝારખંડ, મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારની દીકરીઓ ITIમાં અભ્યાસ કરીને સેમિકન્ડક્ટર ચીપ ઉત્પાદનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે

કમલમ્,

૦૪ જુલાઈ ૨૦૨૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે સાણંદમાં CG સેમિની OSAT સુવિધા અંતર્ગત ચીપ્સના વ્યવસાયિક ઉત્પાદનનો શુભારંભ કરાવવામાં આવ્યો છે. આ પ્રસંગે ભારતના સેમિકન્ડક્ટર મિશનની સફળતામાં દેશની દીકરીઓના યોગદાન અંગે વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, "અહીં કામ કરતી બહેનો-દીકરીઓ, ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ સહિતના રાજ્યોના ટ્રાઈબલ બેલ્ટમાંથી અહીં આવી છે. આ દીકરીઓએ જ્યારે મને ફેક્ટરી બતાવી, ત્યારે ખૂબ જ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે દરેક પ્રક્રિયા વિશે વિગતવાર સમજાવ્યું. સામાન્ય પરિવારોમાં ઉછરેલી, સામાન્ય શાળાઓમાં ભણેલી અને ITIમાંથી શિક્ષણ મેળવેલી આ દીકરીઓ આજે અદભૂત કામ કરી રહી છે." વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, "એક સમય એવો હતો કે આપણા અહીં કોઈ ITIમાં ભણતું હોય તો માતા-પિતાને તેનો ઉલ્લેખ કરવામાં પણ શરમ આવતી હતી. પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. ભલે તેમનું શિક્ષણ ITIમાં થયું હોય, પરંતુ તેમના સપનાઓ અસાધારણ છે. આ દીકરીઓમાંથી ઘણી એવી છે કે જેમના પરિવારમાં કોઈએ ક્યારેય પાસપોર્ટ પણ નહોતો બનાવ્યો, પાસપોર્ટ જોયો પણ ન હતો. વિદેશ જવાની વાત તો દૂર, ઘણી દીકરીઓએ તો દિલ્હી કે મુંબઈ પણ જોયાં નહોતાં. પરંતુ આજે એ જ દીકરીઓ તાલીમ માટે મલેશિયા ગઈ, વિશ્વની અત્યાધુનિક સેમિકન્ડક્ટર ટેક્નોલોજી શીખી, અને આજે તેઓ સૌ 'મેડ ઈન ઈન્ડિયા' સેમિકન્ડક્ટર ચીપ્સના ઉત્પાદનમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે." વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ જે દીકરીઓની વાત કરી તેમાંથી અમુક દીકરીઓએ તેમની કહાણી રજૂ કરી છે. તેમાં ઝારખંડના ગિરિડીહ જિલ્લાની રહેવાસી પુનમ કુમારી, ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લાની રહેવાસી પ્રિયંકા ધનવાર અને મધ્યપ્રદેશના બાલાઘાટ જિલ્લાની રહેવાસી શિવાની ઉઇકેઈએ તેમના અનુભવ જણાવ્યા હતા. આ ત્રણેય દીકરીઓ સીજી સેમિ પ્લાન્ટમાં ઓપરેટર તરીકે મશીન પર કામગીરી કરે છે. પુનમ કુમારીના પિતા હયાત નથી અને તેઓ તેમના માતા સાથે રહે છે. પુનમ કુમારીના જણાવ્યા પ્રમાણે, "હું ક્યારેય ઝારખંડની



પણ બહાર નથી ગઈ. અમને મલેશિયા તાલીમ માટે મોકલવામાં આવ્યા હતા. અમને તાલીમમાં કોઈ ચીજ ન સમજાય તો હિન્દીમાં પણ સમજાવે છે અને પ્રેક્ટિકલી પણ સમજાવવામાં આવે છે." પ્રિયંકા ધનવારે કહ્યું કે તેમની આ સફળતાના લીધે તેમના માતા-પિતાએ ગર્વની અનુભૂતિ કરી



છે. તેમના ઘરેથી તેઓ પહેલી વ્યક્તિ છે જેમણે વિદેશયાત્રા કરી છે. મધ્યપ્રદેશની શિવાનીએ કહ્યું કે, "અમારી સફળતા જોઈને માતા-પિતાની આંખોમાં ખુશીના આંસુ આવી ગયા હતા. સીજી સેમિ સાથે અમે ઈતિહાસ રચવા જઈ રહ્યા છીએ."

